પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૧૮ | ૮ જુલાઈ, ૨૦૧૭, શનિવાર ; અષાઢ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### દેવેન્દ્ર ફડનવીસ બીજીવાર બચ્યા



મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ બીજી વખત દુર્ઘટનામાંથી બચી ગયા છે. શુક્રવારે સવારે મુંબઈથી હેલીકોપ્ટરમાં બેસવા જઈ રહ્યા હતા ત્યારે હેલીકોપ્ટરમાં પ્રવેશે તે પહેલા તે ઉડી ગયુ હતુ.

### અનુરાગ ઠાકુરની બીનશરતી માફી અરજી દાખલ

બીસીસીઆઈના પૂર્વ પ્રેસીડેન્ટ અનુરાગ ઠાકુરને બીનશરતી માફી માંગતી અરજી દાખલ કરવા સુપ્રિમ કોર્ટે સંમતિ આપી હતી.

### રાકેશ અસ્થાનાના નેતૃત્વમાં લાલુને ત્યાં દરોડા

ગુજરાત કેડરના આઈપીએસ અને સુરતના પૂર્વ પોલીસ કમિશનર રાકેશ અસ્થાના હાલ સીબીઆઈના ડાયરેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓની સીધી દેખરેખ હેઠળ લાલુપ્રસાદ યાદવના ઘરે અને ઓફિસમાં દરોડા પાડવામાં આવ્યા છે.

### બસીરહાટમાં સાંસદોનો પ્રવેશ અટકાવાયો

પશ્ચિમ બંગાળના કલકત્તાથી ૬૫ કિ.મી. દૂર બસીરહાટ કોમી હિંસામાં લપેટાયુ છે ત્યારે ભાજપ, સીપીઆઈ અને કોંગ્રેસના સાંસદોની સમિતિઓનો પ્રવેશ અટકાવાયો હતો. કોઈપણ રાજકીય પક્ષના અગ્રણીઓના પ્રવેશ પર અહીં પ્રવેશ પ્રતિબંધ લદાયો છે.

### કોલકત્તામાં પાણી ભરાયા

આસામ બાદ પશ્ચિમ



બંગાળમાં પણ શુક્રવારે પાણી ભરાતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ છે. ભારે વરસાદથી બ્રહ્મપુત્રા સહિત પૂર્વ ભારતની નદીઓ, ઉપનદીઓમાં ભારે પૂર આવ્યા છે.

# લાલુપ્રસાદને ત્યાં સીબીઆઈના દરોડા

## હોટેલ કેસ મામલે લાલુ અને અન્યોની સામે એફઆઈઆર બાદ સીબીઆઈના લાલૂ અને પરિવારના સભ્યોના આવાસ પર દરોડા : બેનામી સંપત્તિના મામલામાં ફસાયેલા લાલુ યાદવની મુશ્કેલીમાં વધુ વધારો થયો



નવી દિલ્હી,તા. ૭

આરજેડીના વડા અને બિહારના પૂર્વ મુખ્યપ્રધાન લાલુ પ્રસાદ યાદવની તકલીફ સતત વધી રહી છે. બેનામી સંપત્તિના મામલામાં પહેલાથી જ તપાસનો સામનો કરી રહેલા લાલુ યાદવ અને તેમના પરિવારના સભ્યોની સામે શુક્રવારના દિવસે સીબીઆઈ દ્વારા ભ્રષ્ટાચારનો વધુ એક નવો કેસ દાખલ કર્યો હતો. સીબીઆઈએ કેસ દાખલ કર્યા બાદ વ્યાપક દરોડા પાડ્યા હતા. નવેસરના ભ્રષ્ટાચારના હોટલ સાથે સંબંધિત કેસ મામલામાં લાલૂ અને પરિવારના અન્ય સભ્યોના ૧૨ સ્થળો ઉપર એક સાથે દરોડા પાડવામાં આવ્યા હતા. આની સાથે જ દેશની રાજનીતિ અને બિહારમાં ફરી એકવાર રાજકીય ગરમી આવી ગઈ છે. લાલુ યાદવની સામે આક્ષેપ કરવામાં આવ્યો છે કે તેઓએ રેલવે પ્રધાન તરીકેના ગાળા દરમિયાન એક ખાનગી કંપનીને ફાયદો પહોંચાડી દેવા માટેના તમામ પ્રયાસો કર્યા હતા. સીબીઆઈ દ્વારા તેમના પત્નિ રાબડી દેવી અને પુત્ર સહિત આઠ લોકોની સામે કેસ દાખલ કર્યો છે. આ સંબંધમાં આજે સવારથી દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કુલ ૧૨ સ્થળો પર એક સાથે દરોડાની કાર્યવાહી શરૂ થયા બાદ આરજેડીની છાવણીમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. આ સમગ્ર મામલો વર્ષ ૨૦૦૬નો છે. એ વખતે લાલુ યાદવ કેન્દ્રિય રેલવે પ્રધાન તરીકે હતા.

● અનુસંધાન પાન-૭ પર

# લાલૂની સામે પગલા બાદ નીતિશની તાકિદની બેઠક

## ટેન્ડરના બદલે ત્રણ એકર જમીન અપાઈ : લાલૂના રેલવેમંત્રી તરીકેના ગાળામાં લાભ આપવાના પ્રયાસ થયા હતા



નવી દિલ્હી,તા.૭

આરજેડીના વડા લાલૂ યાદવ સામે હોટલ કૌભાંડ મામલામાં કેસ નોંધાયા પછી સીબીઆઈએ દરોડાની કાર્યવાહી શરૂ કરતા બિહારની રાજનીતિમાં ગરમી આવી ગઈ છે. રાજ્યના મુખ્યમંત્રી નીતિશકુમારે નાલંદાના રાજગીરમાં અધિકારીઓની ઈમરજન્સી બેઠક બોલાવી હતી. મુખ્યમંત્રી ચીફ સેક્રેટરી અંજની કુમાર સિંહ, પ્રિન્સીપલ સેક્રેટરી હોમ આમીર સુબહાની, રાજ્યના ડીજીપી પીકે ઠાકુર સાથે બેઠક યોજી હતી. બિહાર પોલીસ હેડક્વાર્ટર તરફથી સમગ્ર રાજ્યમાં કોઈપણ પ્રકારના વિરોધ પ્રદર્શન અને હિંસાની શંકાને ધ્યાનમાં લઈને સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. આ મામલો શું છે તે અંગે વાત કરતા સીબીઆઈના એડિશનલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાએ કહ્યું હતું કે, રેલવેમંત્રીના ગાળા દરમિયાન રેલવેને બે હોટલોના મેઈન્ટેનન્સ માટે એક ખાનગી કંપનીને

● અનુસંધાન પાન-૭ પર

# માટીમાં મળી જઈશું તો પણ ઝુકીશું નહીં : લાલુ

## દરોડાની કાર્યવાહીને લઇને લાલુ લાલઘૂમ : દરોડાની કાર્યવાહી સાથે ભાજપને કોઇ જ લેવા દેવા નથી : વેંકૈયા

નવી દિલ્હી,તા. ૭

લાલૂ યાદવે દરોડાની કાર્યવાહી બાદ આકરી પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, તેઓ કોઈપણ કિંમતે ઝુકશે નહીં. માટીમાં મળી જશે તો પણ ઝુંકનાર વ્યક્તિમાં તે નથી. લાલૂએ કહ્યું હતું કે, ૨૦૦૬માં તેમના રેલવે મંત્રી તરીકેના ગાળા દરમિયાન તમામ બાબતો નિયમ મુજબ આગળ વધી હતી. ટેન્ડરની પ્રક્રિયામાં કોઈ ગેરરીતિ આચરવામાં આવી ન હતી. લાલૂ યાદવે કહ્યું હતું કે, અમે માટીમાં મળી જઈશું તો પણ ભાજપ અને મોદી સરકારને દૂર કરીને જ માનીશું. બીજી બાજુ કેન્દ્રીય મંત્રી વેંકૈયા નાયડુએ આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, આ દરોડાથી ભાજપ સાથે કોઈ લેવા દેવા નથી. કાયદા મુજબ કાર્યવાહી ચાલી રહી છે. સીબીઆઈના એડિશનલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાએ માહિતી આપતા કહ્યું હતું કે, રેલવેના બે હોટેલોની જાળવણી માટે એક ખાનગી કંપનીને ટેન્ડર આપવામાં આવ્યું હતું જેના બદલામાં લાલૂને જમીન આપવામાં આવી હતી.

# જી-૨૦માં જુદા જુદા દેશના નેતાઓ સાથે મોદીની ચર્ચા

## બ્રાઝિલ, રશિયા, આફ્રિકાના નેતાઓ સાથે ચર્ચા : આર્જેન્ટી, કેનેડા, જાપાન, મેક્સિકો અને દક્ષિણ કોરિયાના નેતાઓની સાથે પણ નરેન્દ્ર મોદીની ટૂંકી દ્વિપક્ષીય મિટિંગ

હેમ્બર્ગ,તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જર્મનીના પાટનગર હેમ્બર્ગમાં જી-૨૦ની શિખર બેઠકના ભાગરુપે બ્રિક્સ નેતાઓ સાથે વાતચીત કરી હતી. તમામ દેશોના નેતાઓ સાથે મોદીએ જુદી જુદી રીતે ટુંકી વાતચીત કરી હતી. બ્રિક્સના દેશોમાં બ્રાઝિલ, રશિયા, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. મોદીએ આર્જન્ટીના, કેનેડા, ઈટાલી, જાપાન, મેક્સિકો, દક્ષિણ કોરિયા, બ્રિટન અને વિયેતનામના નેતાઓ સાથે જુદી જુદી રીતે દ્વિપક્ષીય બેઠક કરી હતી. આ તમામ વાતચીત ખુબ જ સાનુકુળ વાતાવરણમાં થઈ હતી. મોદી ઈઝરાયેલની ઐતિહાસિક અને સફળ યાત્રા પૂર્ણ કરીને સીધીરીતે હેમ્બર્ગ પહોંચ્યા હતા. જી-૨૦ની શિખર બેઠક ૭મી અને આઠમી જુલાઈના દિવસે યોજાઈ રહી છે. છેલ્લા ૭૦ વર્ષમાં ભારતમાં અમલી બનાવવામાં આવેલા સૌથી મોટા ટેક્સ સુધારા જીએસટીની પણ મોદીએ વાત કરી હતી. બ્રિક્સ નેતા સાનુકુળ વાતાવરણમાં મળ્યા હતા.

# હેમ્બર્ગમાં મોદી-ઝિનપિંગની વચ્ચે મંત્રણા

## સિક્કિમ સરહદી તંગદિલી વચ્ચે હેમ્બર્ગમાં જી-૨૦ બેઠક દરમિયાન બંને એકબીજાને મળ્યા : શી ઝિનપિંગ અને મોદીએ પોતાના સંબોધનમાં એકબીજાની પ્રશંસા પણ કરી આતંકવાદનો સાથ આપનાર દેશોની સામે સંગઠિત થવા માટે મોદીની અપીલ

હેમ્બર્ગ,તા. ૭

સિક્કિમમાં ભારત-ચીન સરહદ ઉપર પ્રવર્તી રહેલી વિસ્ફોટક



સ્થિતિ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની પ્રમુખ સી ઝિનપિંગ વચ્ચે વાતચીત થઈ હતી. જર્મનીમાં જી-૨૦ સંમેલન દરમિયાન બંનેએ વાતચીત કરી હતી. કાર્યક્રમથી અલગ આ મુલાકાત ખુબ જ સાનુકુળ વાતાવરણમાં થઈ હતી. બંને નેતાઓએ હાથ મિલાવ્યા હતા અને એકબીજાની પ્રશંસા પણ કરી હતી. વિદેશ મંત્રાલયના કહેવા મુજબ મોદી અને ઝિનપિંગ વચ્ચે ટુંકી અનૌપચારિક વાતચીતમાં અનેક મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ હતી. બંને નેતાઓએ પોતાના સંબોધનમાં એકબીજાને લઈને ઘણી રચનાત્મક વાત કરી હતી. મોદીએ સંમેલનની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. મોદીએ ચીનના પ્રમુખ ઝિનપિંગના ચેરમેનશીપમાં બ્રિક્સના કામ કરવાની ગતિની પ્રશંસા કરી હતી. સાથે સાથે સહકાર આપવાનું વચન આપ્યું હતું. મોદીની ટિપ્પણી બાદ તરત જ ચીની પ્રમુખ ઝિનપિંગે આતંકવાદની સામે ભારતના મજબૂત સંકલ્પની પ્રશંસા કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, ભારતના ચેરમેનશીપમાં ૨૦૧૬માં ગોવા સંમેલન બાદ બ્રિક્સે સારી ગતિ પકડી છે. તેમણે ભારતના સામાજિક વિકાસ અને આર્થિક પ્રગતિની પ્રશંસા કરી હતી. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે, ભારતને આનાથી પણ વધારે

● અનુસંધાન પાન-૭ પર

# આસામમાં પુરની સ્થિતિ વધુ વણસી

ગુવાહાટી,તા. ૭

આસામમાં પુરની સ્થિતી ગંભીર બનેલી છે. મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને હવે ૧૯ ઉપર પહોંચી ગઈ છે. જ્યારે ૧૫ જિલ્લાના ચાર લાખથી વધારે લોકોને પુરની અસર થઈ છે. એક સરકારી યાદીમાં કહેવામાં આવ્યુ છે કે બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અસરગ્રસ્ત લોકોને વધારે તકલીફ ન પડે તે માટે ૧૨૮ કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યા છે. મુખ્યપ્રધાન સર્વાનન્દ સોનેવાલે કહ્યુ છે કે સ્થિતી પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. તેઓ પોતે સ્થિતીની સમીક્ષા પણ કરી ચુક્યા છે. લખીમપુરમાં ૧૦ વર્ષીય એક બાળકનુ ડુબી જવાથી મોત થયુ છે. આની સાથે જ મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૧૯ ઉપર પહોંચી ગઈ છે. રાજ્યની મુખ્ય નદીઓમાં પાણીની સપાટી સતત વધી રહી છે. સ્થિતી હજુ વણસે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પુરના કારણે રાજ્યમાં ૧૬૦૦૦ હેક્ટરથી વધારે વિસ્તારમાં પાકને નુકસાન થયુ છે. નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે.

બચાવ અને રાહત કામગીરીમાં સુરક્ષા દળોની મદદ લેવામાં આવી રહી છે. મોટી સંખ્યામાં લોકોને રાહત છાવણીમાં પણ ખસેડી લેવામાં આવ્યા છે.

કપલ / ફેમીલી LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન | કુર્ગ-કબિની | નૈનિતાલ
Since 1951 નૂતન ટ્રાવેલ્સ
સી. જી. રોડ, અમદાવાદ
મો. ૯૪૨૭૪૫૫૨૭૪/૯૪૦૮૬૪૩૭૫૬/૯૮૯૮૦૨૩૯૫૫

એસ્ટ્રોલોજી એજ્યુકેશન
વેદિક એસ્ટ્રો વિદ્યામંદિર
વેદિક એસ્ટ્રોલોજિકલ ફાઉન્ડેશન, ગાંધીનગર (રજી.)
ગાંધીનગરમાં છેલ્લા પાંચ વર્ષથી ચાલતા જ્યોતિષના એકમાત્ર વર્ગો
સચોટ વેદિક જ્યોતિષ તથા વાસ્તુશાસ્ત્ર શીખો (સેમેસ્ટર પદ્ધતિથી શોર્ટટર્મ કોર્ષ)
ટુંક સમયમાં નવા સત્રનો પ્રારંભ (જુલાઈ-૨૦૧૭થી)
સંપર્ક : ૧૦૯, શાયોના હાઈટસ, સરગાસણ, ખ-રોડ, સૌંદર્ય ફ્લેટ્સની બાજુમાં,
મો. ૯૮૨૪૬ ૪૭૪૩૫ (સમય : સાંજે ૫ થી ૮)

કચ્છનો મેવો
ખારેક
કચ્છના ખેડૂતો દ્વારા વેચાણ ચાલુ છે
કૃષિભવનની પાછળ, સેક્ટર-૧૦, ગાંધીનગર

આયુર્વેદિક દવાઓ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
NAGARJUNA | BAN Since 1966 | Himalaya | ZANDU | VASU Healthcare Pvt. Ltd. | પતંજલિ | Baidyanath | Dabur | SANDU | Charak
MM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415

BIG SALE BRAND ZONE BIG SALE
આ સેલ ટુંક સમય માટે જ છે
NEXT TO ORIGINAL CURRENT SHOW ROOM
NEW STOCK ગરમી થી બચવા સવારે પધારો
100 % ઓરીજનલ જેન્યુઈન મેન્સ શો રૂમ તેમજ મોલનો તદ્દન નવોજ સ્ટોક ફક્ત રૂા. 1200/- માં 3 નંગ અને વધુ
બ્રાન્ડેડ પ્યોર કોટન પ્રિન્ટેડ સ્પે. સમર ફેબ્રીક ડ્રેસ મટીરીયલ ફક્ત રૂા. 1000/- માં 3 નંગ
પ્રિમીયમ લાયકા ફેબ્રીક સ્પેશ્યલ સમર ક્લોથ ફેશન વેર ફેબ્રીક, પ્યોર કોટન પેન્ટ ફક્ત રૂા 1200/-માં 3 નંગ અને વધુ
ઓરીજનલ પ્લેન ફ્લોરોસન્ટ કલર લેડીઝ પેન્ટ ફક્ત રૂા. 1000/- માં 3 નંગ
કેજ્યુઅલ શર્ટ 100% કોટન હેવી ફેબ્રીક સ્પેશ્યલ સમર ફેશનવેર શર્ટ ફક્ત રૂા. 1500/- માં 3 નંગ
લેડીજ વેસ્ટ્રન ટોપ ફેન્સી બોજબો ચાઈના સિંગાપુર ના સ્પેશ્યલ ટોપ ફક્ત રૂા. 1000/- માં 3 નંગ
બ્રાન્ડેડ લેગીન્સ લક્ષ, લાયરા, માનવી, યુનીક્સ, કંમ્ફટ લેડી ફક્ત રૂા. ૨૫૦ /-
BRAND ZONE હોટલ પ્રેસીડન્ટ (બેંક્વેટ હોલ) પેટ્રોલ પંપની પાછળ સે.૧૧ "ચ" રોડ, ગાંધીનગર
BRAND ZONE A 1, ડિસ્ટ્રીક શો. સેન્ટર સેક્ટર - ૨૧, ગાંધીનગર
તાક. સેલ્સમેન, સેલ્સ ગર્લ જોઈએ છે

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય